**<u>કોટડાસાંગણીના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,</u>**
**<u>મુ.–કોટડાસાંગાણી, જિ.રાજકોટ.</u>**

**<u>ફોજદારી કેસ નંબર : ૬૧૨/૨૦૨૬</u>**

**<u>આંક :</u> ૦૭**

**શ્રી સ ર કા ર** **:::::   ફરીયાદી**

**<u>વિરૂધ્ધ</u>**

**મીતતન ઉર્ફે મીથીલેશ સીકંદર તાંતી**
રહે.શાપર(વે.), ટીલાળા ગેઈટ અંદર,
તા.કોટડાસાંગાણી,જી.રાજકોટ.
મુળ રહે.મીરનચક થાના, ગોરાડીહ, જી.ભાંગલપુર, રાજય (બિહાર). **:::::   આરોપી**

**બાબત:– <u>બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧) મુજબ.</u>**

**<u>–:: ક મી ટ લ  હુ ક મ ::–</u>**

**(૧)..** આ કામના આરોપી વિરૂધ્ધ શાપર(વે.) પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧ ૩૦૯૧૨૬૦૨૯૦/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબના ગુનાઓ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**(૨)..** સદરહુ કામના આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને જાપ્તા સાથે હાજર કરવામાં આવતા, તેઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ હેઠળ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક–૦૫ થી સ્ટેટમેન્ટ નોંધેલ. તેઓ આ કેસમાં પોતાના ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગે છે કે સરકારી ખર્ચે વકીલ જોઈએ છે તે અંગે પુછતાં આરોપીએ સ્વખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગતાં હોવાનું જણાવેલ છે.

**(૩)..** આરોપી વિરૂધ્ધ સદરહું ગુન્હો બી.એન.એસ.કલમ–૧૦૩(૧) મુજબ સજાને પાત્ર ગુનાઓ અન્વયેનો છે, સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોય પરંતુ નામ. સેસન્સ અદાલતને હોય, સદરહું કેસની ટ્રાયલ ચલાવવા નામદાર સેશન્સ અદાલત એટલે કે એડી. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, ગોંડલ તરફ મોકલી આપવું ન્યાયોચીત

જણાય છે. આ તમામ હકીકતોને ધ્યાને લેતા નીચે મુજબ કમીટલ હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧) આરોપી સામેનો હાલનો કેસ કમીટલ કેલેન્ડર તૈયાર કરી તમામ કેસ પેપર્સ તથા મુદ્દામાલ સાથે બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૨ અન્વયે એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, ગોંડલ તરફ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૨) સદરહું આરોપી જયુડી. કસ્ટડીમાં હોય, જેલરશ્રી ગોંડલને હવે પછીની મુદતે આરોપીને તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, ગોંડલ મુકામે હાજર રાખવો તથા સરકારી વકીલશ્રી, ગોંડલને આ હુકમની જાણ કરવી.

આ હુકમ આજરોજ તારીખ-૦૭મી, માહે-જુલાઈ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કોટડાસાંગાણી
તારીખ: ૦૭/૦૭/૨૦૨૬

**(કૃણાલ બીપીનચંદ્ર ભાવસાર)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કોટડાસાંગાણી.
**U.I.C. NO. GJ01755**